# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૯ તા.૨૩-૦૮-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- નાણાંકીય વર્ષ : ૨૦૨૨-૨૩ ની શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયની દરખાસ્ત મોકલવા બાબત.

સંદર્ભ :- નં.જિ.ના.નિ./વિ.જા./૨૨-૨૩/૨૩૨૨ જિલ્લા નાયબ નિયામકશ્રી વિકસતી જાતીઓના કલ્યાણની કચેરીનો તા.૧૨-૦૮-૨૦૨૨નો પત્ર.

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે DIGITAL GUJARAT PORTAL પર ચાલતી ઓનલાઇન પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજના અંતર્ગત શાળાઓ દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ ની શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયની દરખાસ્ત મેળવવાની કાર્યવાહી ચાલુ છે, તેથી જે શાળાઓએ હજુ સુધી શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયની દરખાસ્ત મોકલવાની બાકી હોય તો આ અંતર્ગતની દરખાસ્ત તાત્કાલિક ધોરણે તા.૨૫-૦૮-૨૦૨૨ સુધી મોકલી આપવામાં આવે એવી સરકારશ્રીની સૂચના હોવાથી શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયની કામગીરી ઝડપથી પૂર્ણ થઇ શકે. આ અંગે કોઇ પણ સમસ્યા હોય તો Email : dydir-ddશ્રw-ahm@gujarat.gov.in પર ઇ-મેઇલ અને ફોન નં.૦૭૯-૨૯૭૦૧૧૨૦ પર સંપર્ક કરવું. જો કોઇ લાભાર્થી વિદ્યાર્થી શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયથી વંચિત રહેશે તો તેની સઘળી જવાબદારી જે-તે મુખ્ય શિક્ષકશ્રીની રહેશે. જેની નોંધ લેશો.

તા.૨૩-૦૮-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી